**<u>GUJARAT BILL NO. 8 OF 2023.</u>**

# THE GUJARAT PROHIBITION ON HOLDING PROTEST IN A PUBLIC PLACES BILL, 2023.

***A BILL***

*to provide for prohibition on holding protest in a public places where it leads to obstruction of public Movement in the State of Gujarat and matters connected therewith.*

**<u>સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૮.</u>**

# ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક, ૨૦૨૩.

*ગુજરાત રાજ્યમાં જાહેર સ્થળોએ જાહેર પ્રવૃત્તિમાં અવરોધ ઊભો કરી શકે તેવા વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.*

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:–

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ.**

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

**૨.** આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો,– **વ્યાખ્યા.**

(૧) "સરકાર" એટલે ગુજરાતની રાજ્ય સરકાર;

(૨) "જાહેર સ્થળો" એટલે એવું કોઇ સ્થળ જેને લોકોના આનંદ માટે ઉપયોગ કરવા ખુલ્લું મૂકવામાં આવ્યું હોય, પછી તેનો લોકો દ્વારા ખરેખર ઉપયોગ અથવા ભોગવટો કરવામાં આવતો હોય અથવા ન આવતો હોય અને તેમાં રસ્તો, શેરી, બજાર અથવા સાર્વજનિક માર્ગ હોય અથવા ન હોય તેવા માર્ગ અને ઉતરાણનું સ્થળ જ્યાંથી લોકોને પસાર થવાનો હક હોય અથવા સામાન્ય રીતે મોટા પ્રમાણમાં લોકો દ્વારા મુક્ત હેરફેર (પ્રવૃત્તિ) કરવાના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવતા હોય તેવા સ્થળોનો સમાવેશ થાય છે;

**3.** (૧) જાહેર સ્થળોએ, જાહેર પ્રવૃત્તિમાં અવરોધ ઊભો કરતાં, જોડાણ પૂરું પાડતા રસ્તાની નાકાબંધી અવરોધ ઊભો કરતાં અને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સમસ્યા ઊભી કરતાં વિરોધ પ્રદર્શનો અને આંદોલન કરવા પર પ્રતિબંધ મૂકવો જોઇશે. **જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ બાબત.**

(૨) મોટા પ્રમાણમાં લોકોનો વિરોધ પ્રદર્શન કરતી કોઇ વ્યક્તિ અથવા આયોજકે, કોઇ સ્થળે વિરોધ પ્રદર્શન કરતાં પહેલાં, જાહેર પ્રવૃત્તિમાં અવરોધ ઊભો કરતા વિરોધ પ્રદર્શન અને આંદોલન કરવા પર પ્રતિબંધ મૂકવાને લગતી વિગતવાર, સર્વગ્રાહી અને વિસ્તૃત માર્ગદર્શક સૂચનાઓ અંગે ખાતરી કરવી જોઇશે.

(૩) સરકારે, વખતોવખત, આવા પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યા હોય તેવા સ્થળો નિર્દિષ્ટ કરવા જોઇશે અને મુદ્રણ માધ્યમ (પ્રિન્ટ મિડિયા) દ્વારા આવા સ્થળો જાહેર પણ કરવા જોઇશે.

(૪) પોલીસ સત્તાધિકારી અથવા સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલા અન્ય દળો માટે, આ અધિનિયમની જોગવાઇઓનો ભંગ કરી રહેલા વિરોધીઓને આવા જાહેર સ્થળોએથી દૂર કરવા કાયદેસર રહેશે.

માર્ગદર્શક સૂચનાઓ આપવા બાબત.

૪. સરકારે જાહેર પ્રવૃત્તિમાં અવરોધ ઊભો કરતાં વિરોધ પ્રદર્શનો અને આંદોલન કરવા માટે પ્રતિબંધ મૂકવાને લગતી સર્વગ્રાહી અને વિસ્તૃત સૂચનાઓ ઠરાવવી જોઇશે.

શિક્ષા

૫. જાહેર સ્થળોએ મિલકતની તોડફોડ કરવા અથવા તેને નુક્સાન પહોંચાડવા સહિત અને કોઇ જાહેર રસ્તા, પુલને પસાર થઇ ન શકાય તેવા અથવા હેરફેર (જાહેર પ્રવૃત્તિ) માટે અસુરક્ષિત કરે એવા, આ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને કરેલા કોઇ કૃત્યથી ઉપદ્રવ કરે તેવી કોઇ વ્યક્તિને, ત્રણ મહિનાથી વધુ નહિ તેટલી મુદત સુધીની કેદની અથવા વીસ હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવી જોઇશે.

ગુનાની અદાલતી કાર્યવાહી.

૬. આ અધિનિયમ હેઠળના તમામ ગુનાની સંક્ષિપ્ત અદાલતી કાર્યવાહી, ચિફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની કોર્ટે કરવી જોઇશે.

અધિનિયમની જોગવાઇઓથી બીજા કોઇ કાયદાનું અલ્પીકરણ થશે નહિ.

૭. આ અધિનિમયની જોગવાઇઓ, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું અલ્પીકરણ થશે નહિ.

નિયમો કરવાની સત્તા.

૮. સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

## ઉદ્દેશો અને કારણો

જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શનના બનાવો દિન પ્રતિદિન વધતાં જાય છે. કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને બહોળા પ્રમાણમાં લોકો પોતાના હકો માટે વિરોધ કરતી વખતે, કાયદો અને વ્યવસ્થા ક્યારેક પોતાના હાથમાં લઈ લે છે અને આવા લોકોના સંગઠનોના આગેવાનો પણ જાહેર સ્થળોએ દેખાવો માટે અનધિકૃત માધ્યમોને પ્રોત્સાહન આપે છે. આથી, જાહેર પ્રવૃત્તિમાં અવરોધ ઊભો કરી શકે તેવા જાહેર સ્થળોએ કરવામાં આવતા વિરોધ પ્રદર્શન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો જરૂરી છે. જાહેર પ્રવૃત્તિમાં અવરોધ ઊભો કરતાં વિરોધ પ્રદર્શનો અને આંદોલન કરવા પર સંપૂર્ણ નિયંત્રણ મૂકવાને લગતી સર્વગ્રાહી અને વિસ્તૃત માર્ગદર્શક સૂચનાઓ ઠરાવવી પણ જરૂરી છે. આથી, આ વિષય પર કાયદો અધિનિયમિત કરવાનું જરૂરી જણાયું છે.

તેથી, આ વિધેયક.

**ગાંધીનગર,** **પુનમચંદ સી. બરંડા,**
**તારીખ: ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩.** **વિ.સ.સ.**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :–

વિધેયકની કલમ ૪થી, રાજ્ય સરકારને, જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા માટે માર્ગદર્શક સૂચનાઓ ઘડવાની અને બહાર પાડવાની સત્તા મળે છે.

વિધેયકની કલમ ૮થી, રાજ્ય સરકારને, અધિનિયમના ઉદ્દેશો પાર પાડવાના હેતુ માટે નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**ગાંધીનગર,** **પુનમચંદ સી. બરંડા,**
**તારીખ: ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩.** **વિ.સ.સ.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[ સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૮ ]**

ગુજરાત રાજ્યમાં જાહેર સ્થળોએ જાહેર પ્રવૃત્તિમાં અવરોધ ઊભો કરી શકે તેવા વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

**[ શ્રી પુનમચંદ સી. બરંડા,**

**વિ.સ.સ. ]**

(સન ૨૦૨૩ના માર્ચ મહિનાની ૩જી તારીખે ગુજરાત રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

**ડી. એમ. પટેલ,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

**THE GUJARAT PROHIBITION ON HOLDING PROTEST IN A PUBLIC PLACES BILL, 2023**

**GUJARAT BILL NO. 8 OF 2023.**

***A BILL***

*to provide for prohibition on holding protest in a public places where it leads to obstruction of public Movement in the State of Gujarat and matters connected therewith.*

It is hereby enacted in the Seventy fourth Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Gujarat Prohibition on holding protest in a Public Places Act, 2023. **Short title and extent.**

(2) It shall extend to the whole of the State of Gujarat.

**2.** In this Act, unless the context otherwise requires - **Definitions.**

(1) “Government" means the State Government of Gujarat;

(2) "Public Places” means any place which is open to use and enjoyment of the public whether it is actually used or enjoyed by the public or not and includes a road, street, market, or way whether thoroughfare or not and landing place to which public have a right to pass or generally used by public at large for the purpose of free movement.

**3.** (1) There shall be prohibition on holding protest and agitation in a public place where it may lead to obstruction of the public movement, blocking of road providing connectivity and create law and order problem. **Prohibition on holding protest in a public place.**

(2) Any individual or organizer of a protest of public at large before holding protest at any place shall ascertain the detailed, comprehensive and exhaustive guidelines relating to prohibition for holding protest and agitations leading to obstruction of public movement.

(3) The Government shall from time to time notify the places where such prohibition is declared and shall also make publicity of such places through print media.

(4) It shall be lawful for the police authority or other forces deployed by the Government to remove protestor from such public places who are in breach of the provisions of this Act.

**4.** The Government shall lay down comprehensive and exhaustive guidelines relating to prohibition for holding protest and agitations leading to obstruction of movement. **Issuance of guidelines.**

**Punishment.** **5.** Whoever commits any mischief by doing any act in contravention of the provisions of this Act including damage or loss to property at public places and doing any act which renders any public road, bridge impassable or unsafe for movement shall be punished with imprisonment for a term not exceeding three months or with a fine up to rupees twenty thousand or both.

**Trial of offences.** **6.** All offences under this Act shall be summary trialed by a Court of Chief Metropolitan Magistrate.

**Provisions of the Act not in derogation.** **7.** The provisions of this Act shall be in addition to and not in derogation of any other law for the time being in force.

**Power to make rules.** **8.** The Government may, by notification in the *Official Gazette,* makes rules to carry out purposes of this Act.

## STATEMENT OF OBJECTS AND REASONS

Incidents of protest in public places are increasing day by day. Employees, Students and public at large while protesting for their rights, sometimes take law and order in their hands and leader of organization of such people also encourages unauthorized means for demonstration in public places. Hence it is necessary to have total prohibition of protest in a public places where it may lead to obstruction of public movement. It is also necessary to lay down comprehensive and exhaustive guidelines relating to complete restriction for holding protest and agitations leading to obstruction of public movement. Hence it is considered necessary to enact a law on the subject.

Hence this Bill.

**Gandhinagar,** **PUNAMCHAND C. BARANDA,**

**Dated the 7th February, 2023.** **M.L.A.**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This bill involves delegation of legislative powers in the following respect, namely:-

Clause 4 of the Bill empowers the State Government to frame and to issue guidelines for Prohibition on Holding Protest in a Public Places.

Clause 8 of the Bill empowers the State Government to prescribe by rules for the purpose of carrying out the objects of the Act.

The delegation of legislative powers as proposed is necessary and is of a normal character.

**Gandhinagar,** **PUNAMCHAND C. BARANDA,**

**Dated the 7th February, 2023.** **M.L.A.**

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**[ GUJARAT BILL NO. 8 OF 2023. ]**

**A BILL**

*to provide for prohibition on holding protest in a public places where it leads to obstruction of public Movement in the State of Gujarat and matters connected therewith.*

**[ PUNAMCHAND C. BARANDA,**
**M. L. A. ]**

(As published in the Gujarat Government Gazette of the 3rd March, 2023)

**D. M. Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

------------

Government Central Press, Gandhinagar.